For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મંદીને કારણે છેલ્લાં ત્રણેક વર્ષથી સુરતનો અબજોનો રિઅલ એસ્ટેટ બિઝનેસ તળિયે જતો રહ્યો

# સુરતના બિલ્ડરોનું અન્ય શહેરોમાં પ્રયાણ

**અમદાવાદ,** ગાંધીનગર ગિફ્ટ સિટી, મુંબઈ, લોનાવાલા-ખંડાલા અને ભુવનેશ્વરમાં સુરતના બિલ્ડરોએ પ્રોજેક્ટ્સ મૂક્યા

**જમીન** ઝડપથી એનએ થતાં નથી, પ્લાન પાસ થતાં નથી અને રેરાની કડકાઈથી અનેક સમસ્યા



સુરતઃ છેલ્લા ચાર દાયકા કરતાં પણ વધુ સમયથી જે સુરતમાં રિઅલ એસ્ટેટમાં બૂમ હતી તે સુરતમાં હાલમાં રિઅલ એસ્ટેટનો બિઝનેસ ડચકાં ખાઈ રહ્યો છે. અનેક પ્રોજેક્ટોમાં સંખ્યાબંધ ફ્લેટો તૈયાર છે પરંતુ તેના કોઈ લેવાલ નથી. બિલ્ડરો પાસે નાણાં નથી અને ઈન્વેસ્ટરો દ્વારા રોકાણનો પ્રવાહ અટકી ગયો છે. રિઅલ એસ્ટેટમાં કાળા નાણાં આવતા નથી અને સુરતનું બજાર સંપૂર્ણપણે વ્હાઈટમાં કામ કરવા માંગતું નથી. સુરતમાં રિઅલ એસ્ટેટની આ હાલતને પગલે હવે બિલ્ડરો દ્વારા સુરતની બહાર પ્રોજેક્ટો કરવાની શરૂઆત કરી દેવામાં આવી છે. સુરતના બિલ્ડરો દ્વારા અમદાવાદ, મુંબઈથી શરૂ કરીને હાલમાં છેક ભુવનેશ્વરમાં પણ પ્રોજેક્ટ કરવામાં આવ્યો છે. જે રીતે સુરતનો રિઅલ એસ્ટેટ બહારના શહેરોમાં જઈ રહ્યો છે તે જોતાં આગામી દિવસોમાં સુરતને જ તેનું મોટું નુકસાન થાય તેમ છે.

સુરતમાં સમસ્યા એવી થઈ છે કે જગ્યા ઝડપથી એનએ થતી નથી. છાશવારે મહેસૂલના કાયદાઓમાં અનેક સુધારાઓ આવે છે. જમીનોના પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટ થતાં નથી અને જ્યારે પ્લાન મુકવામાં આવે છે ત્યારે બિલ્ડરોના પ્લાન ઝડપથી પાસ થતાં નથી. કેટલાક પ્રોજેક્ટના પ્લાન એક-એક વર્ષથી અટવાયેલા પડ્યા છે. ઉપરથી રેરાના સખત પ્રતિબંધોને કારણે સુરતમાં એવી હાલત છે કે જ્યાં એક સમયે સુરતમાં 800 પ્રોજેક્ટ્સ મંજૂર થતાં હતાં ત્યાં હવે તે આંકડો ઘટીને 277 પર આવી ગયો છે. સુરતના જે બિલ્ડરો એક સમયે 10થી 15 પ્રોજેક્ટ એકસાથે કરતાં હતાં તેમણે હવે એક કે બે પ્રોજેક્ટ્સથી સંતોષ માનવો પડી રહ્યો છે. કેટલાકે તો હાલમાં કામકાજ જ બંધ કરી દેવાનું મુનાસીબ માન્યું છે. આ સંજોગોમાં અન્ય શહેરોમાં રિઅલ એસ્ટેટના ધંધામાં તેજી જણાતાં સુરતના અનેક બિલ્ડરોએ અન્ય શહેરોમાં પ્રોજેક્ટ મૂક્યા છે.

આ શહેરોમાં ગુજરાતના જ અમદાવાદ અને રાજકોટથી માંડીને મુંબઈ, બેંગ્લોર, ખંડાલા-લોનાવાલા અને ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં પ્રોજેક્ટ શરૂ કર્યા છે. એક બિલ્ડર

...અનુસંધાન પાના 5 પર

### સુરતનો ડેવલપમેન્ટ પ્લાન ઝડપથી મંજૂર થાય અને કામ શરૂ થાય તો સુરતના રિઅલ એસ્ટેટને જીવતદાન મળેઃ ક્રેડાઈ-સુરત

સુરતમાં રિઅલ એસ્ટેટમાં ભારે મંદી અંગે ક્રેડાઈ-સુરતના ચેરમેન સંજયભાઈ માંગુકીયાએ જણાવ્યું હતું કે, રિઅલ એસ્ટેટના બજારમાં મંદી આવવાનું મુખ્ય કારણ એ છે કે, કાયદાઓમાં સતત ફેરફારો થતાં રહે છે. કાયદાકીય સ્થિતિ સ્ટેબલ નથી. સુરત ફરતેનો ડેવલપમેન્ટ પ્લાન અટકી ગયો છે. જો આ પ્લાન મંજૂર થાય તો વિકાસના અનેક કામો થાય છે. સરકારમાં પ્રોજેક્ટ્સ જલ્દી પાસ થતાં નથી. આ સંજોગોમાં રિઅલ એસ્ટેટના ધંધામાં તેજી જોવા મળી રહી નથી. બિલ્ડરો પાસે નાણાંની લિક્વિડિટીનો અભાવ છે. જેને કારણે પણ પ્રોજેક્ટ્સો આગળ ધપાવી શકાતા નથી. જો સરકાર દ્વારા આ મુદ્દાઓને ધ્યાને લેવામાં આવે તો સુરતમાં ફરી રિઅલ એસ્ટેટનું બજાર ધમધમી શકે તેમ છે.

'પાપ છાપરે ચડીને પોકારે છે', લાજપોરના ચારિત્રહિન દંપતીની દાસ્તાન

# પતિ પ્રેમિકા સાથે, પત્ની પ્રેમી સાથે એક જ હોટલમાં ભેગા થઈ ગયાં !

**હું** બહાર જાઉં છું કહી પતિ ઘરમાંથી નીકળ્યો અને પ્રેમિકાને લઈ ભેસ્તાનની ઓયો હોટલમાં પહોંચ્યો

**પાછળ** પાછળ પત્ની પણ પોતાના પ્રેમીને લઈને તે જ હોટલમાં પહોંચી

**બંને** યુગલો પ્રેમમિલાપ બાદ લિફ્ટમાં ભેગા થઈ જતાં વાત વણસી અને ઉગ્ર બોલાચાલીએ હોટલને માથે લીધી

સુરતઃ 'પાપ છાપરે ચઢીને પોકારે' એ કહેવત સુરતના છેવાડેના લાજપોર વિસ્તારના એક દંપતી સાથે ગુરુવારે બની હતી. શહેરની ભાગદોડ અને આધુનિકતાના આંધળા અનુકરણમાં જ્યારે નૈતિકતાના લીરેલીરા ઉડે છે, ત્યારે કેવી શરમજનક સ્થિતિ સર્જાય છે તેનો જીવંત નમૂનો ભેસ્તાન વિસ્તારની એક ઓયો હોટલમાં જોવા મળ્યો હતો. વફાદારીના સોગંદ ખાનારા પતિ-પત્ની જ્યારે એક જ હોટલમાં, એક જ સમયે અને પોતપોતાના 'સ્પેશિયલ' પાર્ટનર્સ સાથે સામસામે આવી ગયા ત્યારે મારામારીના જે દૃશ્યો સર્જાયા તે જોઈને હાજર લોકો પણ બોલી ઉઠ્યા હતા કે-ખરેખર, આ કળિયુગ છે!

ઘટનાની વિગતો મુજબ, લાજપોરમાં રહેતા દંપતીના લગ્નજીવનમાં છેલ્લા કેટલાક સમયથી ગ્રહણ લાગ્યું હતું. બહારથી તો તેમનો પરિવાર સુખી દેખાતો હતો, પરંતુ ઘરની ચાર દીવાલોની અંદર અવિશ્વાસની દીવાલો ચણાઈ ચૂકી હતી. ગુરુવારનો દિવસ હતો, પતિએ પત્નીને સવારથી જ વિશ્વાસમાં લેતા કહ્યું કે, હું બહાર જાઉં છું. ત્યારબાદ તેની પત્ની તેના પ્રેમી સાથે બહાર જવા માટે નીકળી ગઈ હતી, પણ બંનેને ખબર નહોતી કે રસ્તો ભલે અલગ છે, પણ મંઝિલ તો એક જ હોટલ છે. બપોરનો સમય હતો. પત્ની તેના પ્રેમી સાથે મોઢે રૂમાલ બાંધીને ભેસ્તાનની એક જાણીતી OYO હોટલના રિસેપ્શન પર પહોંચી. પત્ની અને તેનો પ્રેમી રૂમની ચાવી લેવાની વિધિ પતાવી રૂમમાં ચાલ્યા ગયા હતા. ત્યારબાદ તેનો પતિ પણ તેની પ્રેમિકા સાથે હોટલમાં આવ્યો. તેણે પણ રિસેપ્શન પર પહોંચી રૂમની ચાવી લેવાની વિધિ પતાવી રૂમમાં ચાલ્યા ગયા હતા.

ત્યારબાદ પ્રેમી પંખીડા પ્રેમમિલાપ બાદ રૂમમાંથી બહાર નીકળી રિસેપ્શન ઉપર પોતપોતાની

...અનુસંધાન પાના 5 પર



સ્ક્રીન પર મેચ જોવા આખુ ફળિયું ભેગું થઈ ગયું

વલસાડના ક્રિકેટર હેનીલ પટેલના ઘરે દિવાળી જેવો માહોલ

# અંડર-19 વર્લ્ડકપમાં ભારતની જીતની ઉજવણી વલસાડના જૂજવા ગામે કરી

**આખો** પરિવાર, ફળિયાવાસીઓએ પ્રોજેક્ટર ઉપર ફાઈનલ મેચ નિહાળી મેચ જીતતા ખુશી મનાવી

**અમેરિકા** સામેની પ્રથમ મેચમાં વલસાડના ખેલાડી હેનિલ પટેલે 5 વિકેટ ઝડપી તરખાટ મચાવ્યો હતો

ગુજરાતમિત્ર વિશેષ



ભારતની જીતની આતશબાજી ફોડી ઉજવણી કરાઈ

વલસાડ : ઝિમ્બાબ્વે અને નામિબિયામાં 15 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી સુધી યોજાએલી અંડર.19 વિશ્વકપ ફાઈનલ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને પરાજય આપી ચેમ્પિયન બન્યું હતું. દેશમાં ભારત ચેમ્પિયન બનતા ખુશીનો માહોલ સર્જાયો હતો. ત્યારે ભારતની જીતની ખુશી ગુજરાતના વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના જૂજવા ગામ સુધી પહોંચી હતી. કારણ એ છે કે ભારતની ચેમ્પિયન ટીમમાં જૂજવા ગામના ખેડૂત પરિવારના દીકરા હેનિલ પટેલ ચેમ્પિયન

...અનુસંધાન પાના 5 પર

### પરિવાર મેચ શરૂ થવા અગાઉ ટીવી સામે બેસી ગયો હતો



હેનિલના પિતા દિલીપભાઈ પટેલ અને માતા સેજલબેન સાથે 'ગુજરાતમિત્ર'એ વિશેષ વાતચીત કરી હતી, જેમાં તેમણે જણાવ્યું કે વિશ્વકપમાં આપણો દેશ ચેમ્પિયન બને તેનાથી મોટી ખુશી હોઈ જ ન શકે, સાથે પરિવારનો દીકરો ભારતની ચેમ્પિયન ટીમનો ભાગ છે એ પણ મોટી ખુશીની બાબત છે.

### વિડીયો કોલ પર હેનિલની જીતની ખુશી આંખોમાં દેખાઈ

'ગુજરાતમિત્ર'એ હેનિલ સાથે વિડીઓ કોલ ઉપર વાત કરતા તેની આંખોમાં જીતની ખુશી સ્પષ્ટ જોઈ શકાતી હતી, હેનિલે જણાવ્યું કે ભારતીય ટીમ વિશ્વ ચેમ્પિયન બની અમારું સ્વપ્ન પૂરું થયું.



# SIR: સુરત જિલ્લાં ન્યાય સમિતિના અધ્યક્ષનું નામ જ યાદીમાંથી બહાર

**સુરત** જિલ્લા પંચાયતના સભ્ય અફઝલખાન પઠાણના પરિવારના 35 સભ્યોનાં નામો કમી થઈ ગયાં

**મતદાર** યાદીના છબરડાઓને લીધે અફઝલખાન પઠાણ, સમિતિ અધ્યક્ષ અમીશા પરમારની મોરચો કાઢી રજૂઆત

**હથોડા,** ભાટકોલ, લીંબાડા, કોસંબા, તરસાડી, પીપોદરા અને પાલોદના અનેકનાં નામો મતદાર યાદીમાંથી બાકાત



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ સુરત જિલ્લાના હથોડા, ભાટકોલ, લીંબાડા, કોસંબા, તરસાડી, પીપોદરા અને પાલોદ સહિતના વિસ્તારોમાં મતદાર યાદીમાંથી હજારો મતદારોનાં નામ ગાયબ થવાનો ગંભીર છબરડો સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. આ યાદીમાં સુરત જિલ્લા પંચાયતના સદસ્ય અને વર્ષોથી ભાજપ સાથે સંકળાયેલા અફઝલખાન હબીબખાન પઠાણના પરિવારનાં જ 35 સભ્યનાં નામ કમી થઈ ગયાં છે. આટલું જ નહીં, સુરત જિલ્લા પંચાયતની

...અનુસંધાન પાના 5 પર

# અમૂલ ઘી, માવો 'સબસ્ટાન્ડર્ડ', જ્યારે ગાયનું ઘી 'અનસેફ'

**હવે** શું ખાવું? અમૂલ પ્યોર ઘીમાં વનસ્પતિ ચરબીની ભેળસેળ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા છેલ્લા એક માસ દરમિયાન શહેરની વિવિધ ખાદ્ય સંસ્થાઓમાંથી લેવામાં આવેલા ઘી અને દૂધના માવાના સેમ્પલો પૈકી 3 મુખ્ય નમૂનાઓ લેબોરેટરી ટેસ્ટમાં ફેઈલ થયા છે. પબ્લિક હેલ્થ લેબોરેટરીના રિપોર્ટ અનુસાર, આ નમુનાઓ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006ના ધારાધોરણો મુજબના મળી આવ્યા નથી. પબ્લિક હેલ્થ લેબોરેટરીના ફૂડ એનાલિસ્ટ દ્વારા અપાયેલા અભિપ્રાય બાદ, આ ત્રણેય સંસ્થાઓ અને તેના જવાબદાર ઈસમો વિરુદ્ધ ફૂડ સેફ્ટી એક્ટ-2006 હેઠળ કાયદેસરની કોર્ટ કાર્યવાહી હાથ ધરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને ભટારના શ્રીજી ઘી પાર્લરમાંથી લેવાયેલું 'દેશી ગાયનું ઘી' સ્વાસ્થ્ય માટે હાનિકારક એટલે કે 'અનસેફ' જાહેર થતા ગ્રાહકોમાં પણ ચિંતા ફેલાઈ છે.

### કઈ કઈ સંસ્થાના નમૂના ફેઈલ કે અનસેફ?

» ગોપાલ ટ્રેડર્સ (વરાછા રોડ): અમુલ પ્યોર ઘીના નમુનામાં વનસ્પતિ ચરબી (Beta-Sitosterol)ની હાજરી મળી આવતા તેને 'સબસ્ટાન્ડર્ડ' જાહેર કરાયું છે. » વરના દુધ - ગુરુકૃપા ટ્રેડીંગ (સીમાડા) દૂધના માવામાં ફેટનું પ્રમાણ નક્કી કરેલા ધારાધોરણ કરતા ઓછું હોવાથી તેને 'સબસ્ટાન્ડર્ડ' જાહેર કરાયું છે. » શ્રીજી ઘી પાર્લર (ભટાર): દેશી ગાયના વેણુ ઘીમાં ટ્રાન્સ-ફેટનું પ્રમાણ મર્યાદા કરતા વધુ જણાતા તેને આરોગ્ય માટે 'અનસેફ' (જોખમી) જાહેર કરાયું છે.

ચોર કેવી રીતે ચડીને ચોરી કરી ગયો હશે..?

# મોબાઈલના 30 મીટર ઊંચા ટાવરમાંથી રિસીવરની ચોરી

**વડોદમાં** મોબાઈલ કંપનીના ટાવર પરથી ચોરી બાદ સિગ્નલની ખામી સર્જાવા સાથે એલાર્મ વાગતાં ચોરીની જાણ થઈ

સુરતઃ વડોદગામ ખાતે જીઓ કંપનીના ટાવરમાંથી ૧.૫૯ લાખની કિંમતનું 5-G નેટવર્ક માટે અત્યંત મહત્વનું એવું આરઆરયુ (રેડિયો રીસીવર યુનિટ) કોઈ અજાણ્યા શખ્સો કાપીને ચોરી કરી ગયા હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, રાંદેર અલ જૈનમ એપાર્ટમેન્ટમાં રહેતા ઈકબાલભાઈ હબીબભાઈ કરામતી પ્રતાપ ટેકનોક્રેટ્સ પ્રા.લી. કંપનીમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવે છે.

તેમણે ફરિયાદમાં જણાવ્યા મુજબ,ગત ૨૯મી ડિસેમ્બરના રોજ રાત્રિના બે વાગ્યાના અરસામાં પાંડેસરા વડોદગામ સાંઈ ફકીરા ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે સાઈટ (ID No. GJ-SURT-ENB-1525) પર સિગ્નલમાં ખામી સર્જાતા એલાર્મ વાગ્યું હતું. બીજા દિવસે સવારે તપાસ કરી ત્યારે ટાવર પર આશરે ૨૮થી ૩૦ મીટરની ઊંચાઈએ લગાડવામાં આવેલું 5-G રેડિયો રીસીવર યુનિટ કોઈ ચોર ઈસમ વાયર કાપીને ચોરી કરી ગયો હોવાનું જણાયું હતું.

ચોરી થયેલા આ યુનિટની કિંમત આશરે 1,59,043 જણાવવામાં આવી છે. ઘટના બાદ કંપનીની ટીમ દ્વારા આંતરિક સ્તરે તપાસ હાથ ધરવામાં આવી હતી, પરંતુ ચોરાયેલું મશીન મળી ન આવતા આખરે અમદાવાદ હેડ ઓફિસથી ઉચ્ચ અધિકારીઓના આદેશ બાદ પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ આપવામાં આવી છે.

એર ઈન્ડિયા એક્સપ્રેસે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ

# સુરતથી દિલ્હીની ફ્લાઈટ 10 કલાક મોડી પડતાં મુસાફરો અકળાયા

**ટેકનિકલ** ખામીને કારણે ફ્લાઈટ ગ્રાઉન્ડેડ કરી દેવામાં આવી અને મુસાફરો અટવાયા

**સ્ટાફે** ક્યારે નવી ફ્લાઈટ ઉડશે તેની માહિતી પણ નહીં આપ્યાનો મુસાફરોનો આક્ષેપ

**દસ** કલાકે નવી ફ્લાઈટ આવતાં મુસાફરોનો રોષ આસમાને પહોંચ્યો, સ્ટાફનો ઉધડો લીધો

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ઈન્ડિયા એક્સપ્રેસની સુરતથી દિલ્હી જતી ફ્લાઈટ ટેકનિકલ ખામીના કારણે અટવાઈ પડતા મુસાફરોએ એરપોર્ટ પર ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ફ્લાઈટ નિર્ધારિત સમય કરતા 10 કલાક જેટલી મોડી આવતાં મુસાફરો ભારે રોષે ભરાયા હતા અને ઉપરથી એરલાઈન્સના સ્ટાફ તરફથી સંતોષકારક જવાબ ન મળતા મુસાફરોએ પિત્તો ગુમાવ્યો હતો.

ઘટના એવી હતી કે, સુરતથી દિલ્હી જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ખામીને કારણે ફ્લાઈટને ઉડવાથી અટકાવા દેવાઈ હતી. બીજી તરફ તાકીદે બીજા પ્લેનની વ્યવસ્થા પણ કરવામાં આવી નહોતી. ધીરેધીરે સમય વીતતા જતાં મુસાફરો રોષે ભરાયા હતા. મુસાફરોએ એરલાઈન્સના સ્ટાફ સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ સ્ટાફ દ્વારા ફ્લાઈટ ક્યારે ઉપડશે તે માટે કોઈ જ સ્પષ્ટતા કરવામાં નહીં આવતા આખરે મુસાફરોએ સંયમ ગુમાવ્યો હતો. એરપોર્ટ પર મુસાફરો અને એરલાઈન્સના કર્મચારીઓ વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી. મુસાફરોએ આક્ષેપ કર્યો હતો કે એરલાઈન્સ પાસે વૈકલ્પિક પ્લાન જ નથી. જેને કારણે જે લોકોએ આગળથી બીજી ફ્લાઈટ પકડવાની હતી તેઓ તમામ અટવાઈ ગયા છે. સાથે સાથે જેમને અગત્યના કામો હતા તે પણ અટવાઈ ગયા છે.

મુસાફરોએ એરલાઈન્સના સ્ટાફનો ઉધડો પણ લીધો હતો અને કહ્યું હતું કે,જો ફ્લાઈટ રિ-શેડ્યુલ થઈ છે, તો બીજી ફ્લાઈટની વ્યવસ્થા કેમ નથી? તમારી પાસે આખા ભારતમાં શું એક જ ફ્લાઈટ છે? અમને રિફંડ કે હોટલની સુવિધા નથી જોઈતી,

...અનુસંધાન પાના 5 પર

# ઉધના-મગદલ્લા રોડ ઈન્ડ. વિસ્તારમાં GSTના દરોડા

**કરચોરી** અને બોગસ બિલિંગ સામે મોટું ઓપરેશન

**૧૯ જેટલાં** ખાતાંમાં તળિયાઝાટક તપાસ કરાઈ

**તપાસ** દરમિયાન કારીગરોને પણ રોકી રખાયા હતા

સુરતઃ ઉધના-મગદલ્લા રોડ પર આવેલા ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં સેન્ટ્રલ GST (CGST) અને સ્ટેટ GST વિભાગ દ્વારા વ્યાપક તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઓપરેશનનો મુખ્ય હેતુ કરચોરી, બોગસ બિલિંગ અને અયોગ્ય વેપાર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવાનો છે. તપાસ દરમિયાન કારીગરોને પણ રોકી રાખવામાં આવ્યા હતા. ૧૯ જેટલાં ખાતાંમાં કપડાં, ટ્રેડિંગ, મેન્યુફેક્ચરિંગ અને અન્ય વેપારી એકમોમાં દસ્તાવેજોની તપાસ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં કેટલાંક ખાતાંમાં ખોટી ખરીદી-વેચાણ એન્ટ્રીઓ અને કરચોરીના પુરાવા મળી આવ્યા હોવાની માહિતી મળી છે. વિભાગ દ્વારા ડિજિટલ રેકોર્ડ્સ, બેંક ટ્રાન્ઝેક્શન અને GST રિટર્ન્સની પણ ગહન તપાસ કરી હતી. આ કાર્યવાહી સમન્વિત રીતે અને ટેક્નિકલ ડેટા એનાલિસિસના આધાર પર કરવામાં આવી છે. કેટલાંક સ્થળોએ મહત્ત્વના દસ્તાવેજો, કમ્પ્યુટર સિસ્ટમ્સ અને

...અનુસંધાન પાના 5 પર




સ્વ. રમેશભાઈ ઉકાભાઈ પટેલ
સ્વ.તા. ૦૫/૦૨/૨૦૨૬

**બેસણું**

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી રમેશભાઈ ઉકાભાઈ પટેલ તા. ૦૫-૦૨-૨૦૨૬ ને ગુરૂવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે, જેમનું બેસણું તા. ૦૯-૦૨-૨૦૨૬ને સોમવાર ના રોજ સવારે ૯:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.તે જાણશોજી.

લિ.
બાબુભાઈ રમેશભાઈ પટેલ | કાંતિભાઈ રમેશભાઈ પટેલ
વિનોદભાઈ રમેશભાઈ પટેલ | હિરેન હસમુખભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

નિવાસસ્થાનઃ નિશાળ ફળિયું, ગામ તળાદ, તા. ઓલપાડ, જી. સુરત.

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦



સ્વ. કંચનલાલ દિતાભાઈ દારૂવાલા
જન્મ તા.૧૪/૦૧/૧૯૪૮
સ્વ.તા.૦૭/૦૨/૨૦૨૩

**તૃતિય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**

સુખથી કદી છલકાયા નહી, દુઃખથી કદી ડગ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નહી, ધર્મ કદી ભુલ્યા નહી, જીવનમાં હરપળ હસતા રહ્યાં, સ્નેહથી સૌના હૈયે વસતા રહ્યાં, શ્રેષ્ઠ જીવન જીવી ગયા, જીવનભર પરીશ્રમના દિવસો વિતાવી પરિવારને સમૃધ્ધ બનાવી આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણે પરિવારથી વિખુટા પડી અનંત યાત્રાએ ચાલ્યા ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અંતરથી પ્રાર્થના.

..લિ..
ગં.સ્વ.મંજુલાબેન કંચનલાલ દારૂવાલા (પત્ની)
બ્રિજેશ કંચનલાલ દારૂવાલા (પુત્ર) - રમણલાલ દિતાભાઈ દારૂવાલા (ભાઈ)
વિશાલ કંચનલાલ દારૂવાલા (પુત્ર) - લીલાવતીબેન રમણલાલ દારૂવાલા
ધર્મિષ્ઠા બ્રિજેશ દારૂવાલા - ઉમેશ રમણલાલ દારૂવાલા
પાયલ વિશાલ દારૂવાલા - જેનીશ રમણલાલ દારૂવાલા
શ્વેતા ઉમેશ દારૂવાલા - નિકિતા જેનીશ દારૂવાલા
પૌત્ર/પૌત્રી : જેની, શિવેન, પર્ણવી, યજુર્વ, સાનવી, સ્વર્ણા, મહેર, મહેક, વશિષ્ઠ, હિરવા તથા સમસ્ત દારૂવાલા પરિવાર



સ્વ. અનિલભાઈ કાંતિભાઈ પટેલ
સ્વ.તાઃ ૭/૨/૨૦૧૨

**૧૪મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**

આપની હસતી મુખ મુદ્રા હંમેશા યાદ રહેશે. આપના ઉચ્ચ આદર્શ સદા સુવાસીત રહેશે. અમર આપની મધુર સ્મૃતિઓ રહેશે. ને પ્રેરણા રૂપ આપની સરવાણી રહેશે. અશ્રુભીની આંખે આપને અંતરથી શ્રધ્ધાંજલિ આપીએ છીએ.

લિ.
કાંતિભાઈ હીરાભાઈ પટેલ(પિતા) | લક્ષ્મીબેન કાંતિભાઈ પટેલ(માતા)
ધર્મેશભાઈ કાંતિભાઈ પટેલ(ભાઈ) | મીતાલીબેન ધર્મેશભાઈ પટેલ(ભાભી)
રાજેશભાઈ કાંતિભાઈ પટેલ(ભાઈ) | ભાવિકાબેન રાજેશભાઈ પટેલ(ભાભી)
ગં.સ્વ સારિકાબેન અનીલભાઈ પટેલ(પત્ની)
પાર્થિવ,ઓમ,દેવ,આસ્થા,સુહાની,ભક્તિ

સ્થળ :- રૂંઢ-મગદલ્લા, બેંક ઓફ બરોડાની સામે, સુરત.

**ભાવભીની શ્રધ્ધાંજલિ**
ચક્ષુદાતા



સ્વ. શ્રી તુષારભાઈ હરજીવનભાઈ ઘેલાણી
અ.નિ.સ્વ.તા. ૦૫-૦૨-૨૦૨૬

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે, તમારા જેવા મિત્ર મળવા એ આનંદની વાત છે, મૃત્યુ થવું એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવીત રહેવું એ જીવનમાં કરેલા કર્મની વાત છે. તમો અમારા હૃદયમાં સ્મૃતિરૂપે હંમેશા જીવીત છો અને રહેશો. પ્રભુ એવા આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
દિલીપસિંહ ઉદેસિંહ પરમાર
બ્રીજેશ. પી. પટેલ (એડવોકેટ)